આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-30-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# પ્રધાનમંત્રી – મન કી બાત – 114મી કડી

ગઈકાલે આકાશવાણી પર મનકી બાતની 114મી કડી રજૂ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેક ઇન ઇન્ડિયાની સફળતા પર ભાર મૂકતા જણાવ્યું કે, આ ઝૂંબેશની સફળતામાં દેશનાં મોટા ઉદ્યોગો અને નાના દુકાનદારોનાં પ્રદાનનો પણ સમાવેશ થાય છે. તેનાથી નિકાસને વેગ મળ્યો છે અને સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, મેક ઇન ઇન્ડિયા પહેલને કારણે ભારત ઉત્પાદન ક્ષેત્રનું મોટું કેન્દ્ર બની ગયું છે.

2 જી ઓક્ટોબરે સ્વચ્છ ભારત મિશનને 10 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.જે મિશનને સફળ ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, 'વેસ્ટ ટુ વેલ્થ' મંત્ર લોકપ્રિય બની રહ્યો છે. લોકો રિડ્યુસ, રીયુઝ અને રીસાઇકલની વાત કરી રહ્યા છે. પ્રકૃતિનાં જતન અંગે ઉત્તરાખંડના ઉત્તર કાશીનાં એક ગામની પ્રવૃત્તિ અંગે તેમણે ઉદાહરણ આપ્યુ હતું.

એક પેડ મા કે નામ ઝૂંબેશમાં ભાગ લેવા લોકોને પ્રોત્સાહન આપતા પ્રધાનમંત્રીએ લક્ષ્યાંકથી વધુ વૃક્ષારોપણ કરનાર ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાની સિધ્ધિની પ્રશંસા કરી હતી.

**RNU** અમદાવાદ

---

RNU BHUJ

## પ્રસારભારતી અધ્યક્ષ- મન કી બાત

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં, આકાશવાણી, પ્રસાર ભારતી અને દૂરદર્શનની પ્રશંસા કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સેહગલે કહ્યું કે ત્રણ સંસ્થાઓના કર્મચારીઓની પ્રધાનમંત્રીની પ્રશંસા સહુ માટે પ્રેરણારૂપ છે અને કર્મચારીઓને પ્રોત્સાહન મળ્યું છે. શ્રી સહગલે કહ્યું કે રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને લોકો સુધી લઈ જવા માટે આ સંસ્થાઓ શ્રી મોદી સાથે હાથ મિલાવે છે તેનો મને ગર્વ છે. પ્રસાર ભારતીના અધ્યક્ષે કહ્યું કે પ્રધાનમંત્રીનો સંદેશ સમગ્ર પ્રસાર ભારતી પરિવારમાં નવી ઉર્જા અને નવી ચેતનાનો સંચાર કરશે.

**RNU અમદાવાદ**

---

BHUJ

## મુખ્યમંત્રી – વડોદરા લઘુઉદ્યોગ ભરતી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમો એટલે કે, MSME ક્ષેત્રને રાજ્યની કરોડરજ્જૂ સમાન ગણાવ્યા છે.

વડોદરામાં લઘુ ઉદ્યોગ ભારતીના ક્ષેત્રીય સંમેલનમાં સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ‘દેશની જીડીપી એટલે કે, કુલ સ્થાનિક ઉત્પાદનમાં MSME ક્ષેત્રનું 35 ટકા જેટલું યોગદાન રહ્યું છે. લઘુ ઉદ્યોગ ભારતી ઉદ્યોગ હિત સાથે રાષ્ટ્ર હિતનો વિચાર કરતું સંગઠન છે અને તે “આત્મનિર્ભર ભારત” અને “મેક ઇન ઇન્ડિયા” માટે અવિરતપણે કાર્યરત્ છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, અવકાશથી લઈ સેમિ-કન્ડકટર અને ઇલેકટ્રોનિકથી લઈ ઇલેક્ટ્રિક વાહન જેવા ક્ષેત્રમાં દેશ આગળ વધવા સાથે વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક પણ બન્યો છે. મુખ્યમંત્રીએ ઉંમેર્યું કે, ‘નવા તંત્રજ્ઞાનના કારણે નાના ઉદ્યોગની ઉત્પાદકતામાં સકારાત્મક અસર પડે છે. લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આ દિશામાં વધુ કામ થાય તો નાના ઉદ્યોગોને મોટા લાભ થશે.

**RNU અમદાવાદ**

---

## પ્રવાસન મંત્રાલય – દુધની ગામને પુરસ્કાર

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને પ્રવાસન મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત કરાયો છે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પ્રવાસન મંત્રાલય દ્વારા “જવાબદાર પ્રવાસન મોડેલ”માં ઉત્કૃષ્ટ દેખાવ બદલ આ ગામનું સન્માન કરાયું છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય - હવામાન

રાજ્યના હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાતના ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુર, દક્ષિણ ગુજરાતના નર્મદા, અને ભરૂચ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં છુટાછવાયા સ્થળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી  છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## કચ્છ - હવામાન

કચ્છ જિલ્લામાં કેટલાક દિવસોથી ધૂપછાવના માહોલ વચ્ચે ગઈકાલે ભુજ મહતમ તાપમાન ઉચકાતા લોકો ગરમીથી અકળાયા હતા. જિલ્લા મથક અને કંડલા એરપોર્ટ રાજ્યના બે મુખ્ય ગરમ મથક રહ્યા હતા. હવામાન વિભાગે જિલ્લાના કેટલાક સ્થળોએ હળવા વરસાદની શકયતા વ્યકત કરી છે.

**NP**

------------------------------------------------------------------------

## ભુજ – ભારતીય વિચારમંચ

ભારતીય વિચાર મંચ દ્વારા જિલ્લા મથક ભુજમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે બે દિવસીય લોકમંથન કાર્યક્રમનું ગઈકાલે સમાપન થયું. આ કાર્યક્રમના વિવિધ સત્રોમાં ઈન્દુમતીબેન કાટદરે, શ્રીકાન્ત કાટદરે, મનોજ સોલંકી, કીર્તીભાઈ ખત્રી સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્વર્ગસ્થ ઉમિયાશંકર અજાણી સભા મંડપ ખાતે આયોજીત આ બે દિવસીય કાર્યક્રમમાં કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો પણ પ્રસ્તુત થયા હતા.

**NP**

---

## કચ્છ - માતાનામઢ

દેશ દેવી મા આશાપુરાના સ્થાનક માતાનામઢ ખાતે ગઈકાલે રવિવારે આશ્વિન નોરતા પૂર્વે જ 50 હજારથી વધુ માઈ ભક્તોએ દર્શન કર્યા હતા. જેમાં 20 હજારથી વધુ પદયાત્રીઓ હતા. એસટી વિભાગ દ્વારા વિવિધ ડેપો પરથી 25 જેટલી વધારાની બસ માતાનામઢ માટે ફાળવવામાં આવી છે.

**NP**

---

RNUBHUJ